**-:OREDER:-**

ફરીયાદ પક્ષના કેસની વિગત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ વિગતે ગુન્હો કરેલ છે.

આરોપીએ આજ રોજ ઉપસ્થિત થઈ ગુન્હો કબુલાત પુરસીસ રજુ કરેલ છે, આરોપીનુ નિવેદન લેતાં આરોપીએ તેની સામેનો ગુન્હો સ્વેચ્છાએ કબુલ છે. તેવું જણાવેલ જેથી આરોપી ને સા અંગે માહીતગાર કરેલ છે. આજ રોજ હાજર થઈ અને પોતાની ગુન્હા કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે , આ તેનો પ્રથમ વખતનો ગુન્હો છે , તેઓ ગરીબ વર્ગના માણસ છે તેમના કુટુંબના ભરણ પોષણ અંગેની જવાબદારી તેમના શીરે છે અને આ ગુના બદલ તેઓને પસ્તાવો થયેલ છે અને આવો ગુન્હો ફરથી નહીં બને તેવી ખાતરી આપી ના.કોર્ટ પાસ ે રહેમ અને દયાની અરજ કરેલ છે. આરોપીની સ્વેચ્છીક ગુના કબુલાત તથા ગુનાની ગંભીરતાને ધ્યાનમા લઈ આરોપીને હળવી સજા કરવામાં આવે તો તે ન્યાયનો હેતૂ જળવાઈ રહેશે તેમ હું માનુ છું તેથી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

આરોપી ને ક્રિ.પ્રો.કોડ ની કલમ ૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ–૨૮૩ મુજબના ગુના બદલ તકસીરવાન ઠરાવી રુપિયા ૨૦૦ (શબ્દોમાં રૂપિયા બસો પુરા )નો દંડ કરવામાં આવે છે. દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૩મી માહે ઓગષ્ટ સને ૨૦૨૨ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

Date : 13/08/2022
Place: SURAT

(Jayshriben Shantilal Jadav)

(Code No. GJ 1424)
Judicial Magistrate frist class,
second court, surat.